રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ત્રણ દિવસની યાત્રાએ ગુજરાતમાં

રાજ્યપાલ અને મુખ્યમંત્રી દ્વારા સ્વાગત થયું : જુદા-જુદા કાર્યક્રમમાં વ્યસ્ત : આજે ગાંધી આશ્રમની મુલાકાત લેશે

અમદાવાદ, તા.૩૦

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આજથી ત્રણ દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી પહોંચ્યા બાદ ભરચક કાર્યક્રમમાં વ્યસ્ત થઈ ગયા હતા. હવે બીજા બે દિવસ સુધી પણ તેમના ભરચક કાર્યક્રમો છે. અમદાવાદમાં પણ તેઓએ જુદા-જુદા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રપતિની યાત્રાને લઈને રાજયમાં પ્રોટોકોલ અને સુરક્ષાને લઈને જડબેસલાક બંદોબસ્ત કરવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખજીનું બપોરે ૧.૨૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર રાજયપાલ, મુખ્યમંત્રી તેમનું લાલજાજમ બિછાવીને સ્વાગત કર્યું હતું. તે સમયે મુખ્ય સચિવ ડીજીપી સહિતના ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી હતી. બપોરે ૨.૧૫ કલાકે કપડવંજ ખાતે અમૂલ ડેરીના અદ્યતન પ્લાન્ટનું ઉદઘાટન કર્યું હતું. ત્યારબાદ અમદાવાદની વિશ્વ પ્રતિષ્ઠિત સંસ્થા આઈઆઈએમ ઈગ્નાઈટ એવોર્ડ વિતરણ ૪.૨૦ કલાકે કર્યું હતું. એવોર્ડ પૂર્વે ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠી કરી હતી. આવતીકાલે તા. ૧લી ડિસેમ્બરે સવારે ૯.૪૩ ગાંધી

આશ્રમની મુલાકાત લેશે અને ૧૦.૩૦ કલાક ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં હાજરી આપશે. ત્યારબાદ ૪ કલાકે પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મંદિરની મુચલાકાત અને પુજન અર્ચન કરશે.રાત્રે દીવમાં બીચ ફેસ્ટીવલનું ઉદઘાટન કરશે. તા. ૨ ડિસેમ્બરે દ્વારકાધીશ મંદિરની મુલાકાત લઈને દિલ્હી જવા રવાના થશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ગાંધીનગર રાજભવન ખાતે રોકાણ કર્યું હતું. ૩૯ લોકોનો સ્ટાફનો કાફલાએ એનેક્ષી સરકીટ હાઉસ ખાતે રોકાણ કર્યું હતું. તબીબો, સુરક્ષા કર્મી, રસોયા અને અંગત સ્ટાફ રાષ્ટ્રપતિ સાથે ગુજરાતની મુલાકાતે આવી પહોંચ્યા છે. રાજભવનમાં રાષ્ટ્રપતિના રોકાણને લઈને સુરક્ષા-વ્યવસ્થા જડબેસલાક બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિના પ્રવાસ દરમ્યાન તેમની સુરક્ષા બ્લુબુક પ્રમાણે કરવામાં આવી છે. જે જે જિલ્લામાં રાષ્ટ્રપતિ જવાના છે તે તમામ જિલ્લા કલેકટરોને પ્રોટોકોલ મુજબ તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે. રાષ્ટ્રપતિ કાફલામાં ૧૮ પ્રકારની બુલેટપ્રુફ કારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પ્રવાસ દરમ્યાન રાષ્ટ્રપતિને કોઈ પ્રકારની શારિરિક સમસ્યા ઉભી થાય તો તાત્કાલિક સારવાર માટે કાફલા સાથે આઈસીયુ અને વ્હીલ સ્ટેન્ડ ટુ રાખવામાં આવી છે. રાષ્ટ્રપતિ અમદાવાદ એરપોર્ટ પર તેમના આગમન પૂર્વે ચાર હેલીકોપ્ટરમાં તેમનો સ્ટાફ આવ્યો હતો. જેમાં તેમની બુલેટપ્રુફ કાર, સુરક્ષા કર્મીઓનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિના માનમાં રાજયપાલ ડો.ઓ.કોહલી દ્વારા વિશેષ શાહી રાત્રિ ભોજનનુંઆયોજન કરવામાં આવ્યું હતું.

હિંમતનગરમાં ઉમિયા માતાજીનું મંદિર બનશે

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ મહાકાલી મંદિર પાસેના ઉમિયા પરિવાર સંકુલમાં તા. ૩ ડિસેમ્બરના રોજ અંદાજે રૂ. ૧ કરોડથી વધુના ખર્ચે બંધાનાર ઉમિયા માતાજીના મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રસંગે વિશ્વ ઉમિયા પાટીદાર પરિવારના પ્રમુખ સી.કે. પટેલ, ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ નારાયણભાઈ પટેલ, પૂર્વ કલેક્ટર બી. એચ. ઘોડાસરા, જેઠાભાઈ પટેલ, ખેમાભાઈ પટેલ, ડૉ. ચીમનભાઈ પટેલ, ધીરૂભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ સહિત પાટીદાર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

બોલુન્દ્રામાં કાલભૈરવ જયંતિ ઉજવાશે

હિંમતનગર, તા. ૩૦

ઈડર તાલુકાના બોલુન્દ્રા ગામે આવેલ ૨૨૫ વર્ષ પુરાણા કાલભૈરવ મંદિરમાં તા. ૩ ડિસેમ્બરના રોજ કાલભૈરવ જયંતિનું ઉજવણીનું આયોજન કરાયું છે. જે અંતર્ગત ગુરૂવારે રાત્રે કસુંબલ ડાયરો યોજાશે. જેમાં જાણીતા કલાકાર સાંઈરામ દવે અને યોગેશ ગઢવી ઉપસ્થિત રહેશે.

કોટડામાં જમીન બાબતે ઝઘડો થતાં ઈજા પહોંચાડી

હિંમતનગર, તા. ૩૦

પોશીના તાલુકાના કોટડા પાસેથી ગત શુક્રવારે પસાર થઈ રહેલ સોમાભાઈ મેહાભાઈ ગમાર તથા ગામના જ જગાભાઈ દીતાભાઈ ગમાર, પાબુભાઈ હસુભાઈ ગમાર, પલુભાઈ દીતાભાઈ ગમારે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ઝઘડો કર્યો હતો. જેમાં આ ત્રણેય જણાએ ઉશ્કેરાઈ જઈ સોમાભાઈ ગમાર પર લોખંડના સળિયાથી હૂમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી સોમાભાઈ ગમારે ત્રણેય જણા વિરૂદ્ધ શનિવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મેઘરજ પોલીસ સ્ટેશનના જમાદારની દબંગગીરી

ઈસરી, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રાંજેડી ગામના ૫૨ વર્ષીય વૃધ્ધિને બુથ મથક તરકવાડીયા-૨ પ્રાયમરી સ્કૂલમાં વોટીંગ કરી પરત ફરતા પોલીસ જમાદારે લાકડીથી ઢોર માર માર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ રાંજેડી ગામના પાંડોર મણાભાઈ ભલાભાઈ ઉ.વ. ૫૨ તેઓ વોટીંગ માટે બુથ મથક તરકવાડીયા-૨ પ્રા. શાળામાં વોટીંગ કરવા ગયેલ વોટીંગ કરી પરત ફરતા એક અન્ય ગામના જ ઈસમને કહ્યું કે આપણું કામ થઈ ગયું છે. જે સાંભળી મેઘરજ પોલીસ સ્ટેશનના જમાદાર રમણભાઈ કાનજીભાઈ રાંજેડી બીટ જમાદાર છે તેઓએ બિભત્સ ગાળો બોલી લાકડી વડે મણાભાઈને પગના ભાગે ઢોર માર માર્યો હતો. લાકડી ફાટી જતા બીજી લાકડી તેમના હોમગાર્ડ પાસેથી લઈ ફરીથી પણ માર માર્યો હતો. જે સમયે ગામના અન્ય લોકો ઘટના સ્થળે આવી જતાં જમાદાર રમણભાઈએ ગામ લોકોને પણ મારવા જતાં ગામના લોકો પણ ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ મણાભાઈ નજીકના ખેતરમાં સંતાઈ ગયા હતાં ત્યારબાદ તેમના પરીવારે આખી રાત શોધખોળ કરતાં સવારમાં ખેતરમાંથી મળી આવ્યા હતા. જેઓને તાત્કાલીક ૧૦૮ દ્વારા મેઘરજ સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે મોડાસા રીફર કરાયા હતા જે બાબતે મણાભાઈ પાંડોરના પુત્ર રમેશભાઈએ મેઘરજ પોલીસ સ્ટેશને જમાદાર વિરૂધ્ધ લેખીતમાં ફરિયાદ આપી છે.

પી.એસ.ઓ. બચુભાઈનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે મણાભાઈ પાંડોરની ફરિયાદ લઈ લીધેલ છે જે ઈન્ચાર્જ પી.એસ.આઈ.ને જાણકારી આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે.

બુટિકમાંથી ચોરી કરનાર ત્રણ શખ્સોની અટકાયત

અમદાવાદ, તા.૩૦

શહેરના સોલા સાયન્સ સીટી રોડ પર દુકાનનું શટર તોડી ચોરી કરનાર ત્રણ આરોપીઓની સોલા પોલીસે ધરપકડ કરી હતી. આરોપી પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ ઓટો રિક્ષા સહિત ૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સોલા પોલીસે સ્ટાફ સહિત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી. બાતમીના આધારે એક ઓટો રિક્ષાની અટકાયત કરી હતી.આ આરોપીઓ ૧. યુનુસ ઉર્ફે પાઈપ અબ્દુલ રહેમાન રંગરેજ (ઉ.વ. ૩૬), ૨. આમિર ખાન સુબેખાન પઠાણ (ઉ.વ.૨૮) ૩. વાહિદ બાબુભાઈ મણિયાર (ઉ.વ. ૨૮)નાઓની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ, ડિસમિસ અને મોબાઈલ ફોન તેમજ ઓટોરિક્ષા સહિત ૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પકડાયેલા આરોપીઓની વધુ પુછપરછ કરતાં આરોપીઓએ સોલા સાયન્સસીટી રોડ પર અમિત રેસીડેન્સીમાં આવેલ હીરવા બુટીકમાંથી ચોરી કર્યા હોવાની કબુલાત કરી હતી. આ આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આરોપી યુનુસ અગાઉ વાહન ચોરીના ગુન્હામાં પકડાયો હતો. આરોપી વાહિદ મણિયાર લૂંટ અને વાહન ચોરીના ગુનામાં પકડાયો હતો. આ અંગે પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે.

ટ્રેકટરની અડફેટે આવતા બે યુવાનના મોત : ભારે ચકચાર

બાઈક તેમજ એક્ટીવા ઉપર સવાર ચાર યુવાનોને ટ્રેકટરે અડફેટે લેતા બનાવ : અન્ય બે યુવાનને ગંભીર ઈજા

અમદાવાદ, તા.૩૦

શહેરના સરખેજ શાંતિપુરા ચોકડી પાસે ગત મોડી રાત્રે એક ટ્રેક્ટરે બાઈક અને એકટિવા પર સવાર ચાર યુવકોને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બે યુવકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય બે યુવકો ઈજાગ્રસ્ત હોવાથી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ ટ્રાફિક પોલીસ ડિવિઝનને કરતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રો મુજબ, જુહાપુરા સરખેજ રોડ પર આવેલા ન્યુ સહારા ફલેટમાં રહેતો સાજીદ મંહમદ શફી મંહમદ શેખ (ઉ.વ.૨૦) અને વસીમ બેગ રૂસ્તમ બેગ મિર્ઝા તેમના અન્ય બે મિત્રો સાથે બાઈક અને એકટિવા પર રાત્રે સરખેજ શાંતિપુરા ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પુરપાટે આવતી ટ્રેક્ટરે બાઈક અને એકટિવાને જોરદાર ટક્કર મારી હતી જેને પગલે ચારે યુવકો રોડ પર પટકાયા હતા. આ ઘટનામાં સાજિદ અને વસીમ બેગનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત થયું હતું. જ્યારે અન્ય બે યુવકોને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ટ્રેક્ટર ચાલક ફરાર થઈ ગયો હતો. આ ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને રોડ પર ટ્રાફિક જામ થઈ ગયા હતો. આ ઘટનાની જાણ ટ્રાફિક પોલીસ એન ડિવિઝનને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. આ અંગે પોલીસે ફરાર ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તજવીજ હાથ ધરી છે.

મોદી - નવાઝ શરીફ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતી તે અંગેની કોઈ વાત હજુ જાહેર કરવામાં આવી નથી. મોદીએ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે પણ મોડેથી વાત કરી હતી. ઓબામા વહિવટી તંત્ર ઇચ્છે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એકવાર વાતચીતની શરૂઆત થાય. નવાજ શરીફ અને નરેન્દ્ર મોદી વચ્ચે થયેલી વાતચીતમાં કેટલીક ચર્ચા થઈ હતી. જોકે, આને લઈને હજુ સુધી બન્ને પક્ષો તરફથી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. નવી દિલ્હીએ ઈસ્લામાબાદ પર સરહદ પારથી આતંકવાદને પ્રોત્સાહન આપવાનો અને પાકિસ્તાન દ્વારા સરહદ ઉપર યુદ્ધ વિરામના ભંગનો સીધો આક્ષેપ કર્યો છે. ત્યારબાદથી જ બન્ને પક્ષો વચ્ચે કોઈ વાતચીત થઈ રહી નથી. બન્ને નેતાઓ વચ્ચે આ વાતચીત એવા સમયે થઈ છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ શ્રેણીને લઈને ચર્ચા ગરમ છે. આ શિખર બેઠક ૧૧ દિવસ સુધી ચાલનાર છે. મોદીએ પેરિસ રવાના થતા પહેલા કહ્યું હતું કે, ક્લાઈમેટ ચેન્જ સામે સાથે મળી લડવા સમય છે.

પેટ્રોલ-ડિઝલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ડીઝલની આંતરરાષ્ટ્રીય કિંમતમાં પણ હાલમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. આની અસરને ધ્યાનમાં લઈને નિર્ણય લેવામાં આવી રહ્યો છે. ૧૫મી નવેમ્બરના દિવસે છેલ્લે પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ ૩૬ પૈસાનો વધારો કરાયો હતો.

જ્યારે ડીઝલની કિંમતમાં પ્રતિ લીટર ૮૭ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતોને પહેલાથી જ અંકુશ મુક્ત કરી દેવામાં આવી છે. સરકારી ફ્યુઅલ રિટેલર્સ આઈઓસી, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ દ્વારા પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં દર મહિને પહેલી અને ૧૬મી તારીખે સુધારા કરવામાં આવે છે.

સરેરાશ આયાત કરવામાં આવતા ખર્ચના આધાર ઉપર આ નિર્ણય લેવામાં આવે છે. અગાઉના પખવાડીયામાં રહેલા રૂપિયા-ડોલરની એક્સચેન્જ રેટના આધાર પર આ નિર્ણય લેવામાં આવે છે. આ મહિનાની શરૂઆતમાં સરકારે વધારાના સંશાધનો એકત્રિત કરવાના હેતુસર ફ્યુઅલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં તીવ્ર વધારો કરી દીધો હતો. બજેટના ટાર્ગેટને પહોંચી વળવાના હેતુસર આ નિર્ણય લેવાયો હતો. પેટ્રોલ ઉપર એક્સાઈઝ ડ્યુટી પ્રતિ લીટર ૧.૬૦ રૂપિયા સુધી વધારાઈ હતી. જ્યારે ડીઝલ ઉપર ડ્યુટીને લીટર દીઠ ૪૦ પૈસા વધારાઈ હતી. આ નિર્ણયના કારણે જ વધારાના સંશાધનો ઉભા કરવામાં આવ્યા હતા. પેટ્રોલ ઉપર એક્સાઈઝ ડ્યુટી લીટર દીઠ ૧.૬૦ રૂપિયા સુધી વધારી દેવાઈ છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો થતાં સામાન્ય લોકોને મોટી રાહત મળી શકે છે.

વિકસિત દેશો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઉર્જાના વૈકલ્પિક સંશાધનો પણ ઉભા થઈ ચુક્યા છે. આવી સ્થિતિમાં વિકસિત દેશો પણ પોતાની જવાબદારી વધુ સારી રીતે અદા કરે તે જરૂરી છે. આધુનિક દેશોને પોતાની જવાબદારી અદા કરવી જોઈએ. કારણકે તેમની પાસે ટેકનોલોજી રહેલી છે.

મોદીની સાથે ૧૫૦થી વધુ દેશોના વિશ્વ નેતાઓ ક્લાઈમેટ ચેન્જ અંગેની બેઠકમાં હાજરી આપી રહ્યા છે. આનો મુખ્ય હેતુ ગ્લોબલ વોર્મિંગને પ્રી ઈન્ડસ્ટ્રીયલ ટેમ્પરેચર પર ૨ ડિગ્રીથી નીચે રાખવામાં આવે તે છે. મહાત્મા ગાંધીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, અમે પેરિસ તરફ નજર કરી રહ્યા છીએ કારણકે તમામ લોકોને હવે એકસાથે આગળ આવવાની જરૂર છે.આજે પેરિસમાં શરૂ થયેલી ક્લાઈમેટ ચેન્જ અંગેની બેઠકમાં વિશ્વના દેશો ભાગ લઈ રહ્યા છે.

દેશી બનાવટની પિસ્તોલ સાથે એક ઝડપાયો

અમદાવાદ, તા.૩૦

શહેરમાં ગેરકાયદેસરના દેશી બનાવટની પિસ્તોલ તથા જીવતા કારતૂસ સાથે એક આરોપીની એસ.ઓ.જી. દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપીની જુહાપુરા ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. આરોપી પાસેથી દેશીબનાવટની પિસ્તોલ ૧૦૦૦૦ તેમજ જીવતા કારતૂસ નંગ-૩નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

આ અંગે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. એસ.ઓ.જી. સ્ટાફ સહિત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન રોયલ અકબર ટાવર જુહાપુરા ખાતેથી બાતમી મળી હતી. બાતમીના આધારે રોયલ અકબર ટાવર પાસે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન

આરોપી રીયાઝ સુલેમાનભાઈ દેસાઈ (ઉ.વ.૩૫)નાની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી દેશી બનાવટ પિસ્તોલ ૧૦૦૦૦ અને જીવતા કારતુસ નંગ-૩નો મુદ્દામાલ મળી આવતા કબ્જે કર્યો હતો.આ અંગે પોલીસે આરોપીની વધુ પુછપરછ હાથ ધરી છે.

લગ્નની લાલચ આપીને ચાર સગીરાને ઉઠાવાઈ

અમદાવાદ, તા.૩૦

શહેરના જુદા જુદા વિસ્તારમાંથી ગઠિયાઓ લગ્નની લાલચ આપી ચાર સગીરાને ઉઠાવી ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આ અંગે પોલીસે અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સૂત્રો મુજબ શહેરના અસારવામાં મણિલાલ મુખીની ચાલી નજીક રહેતી એક સગીરાને એક અજાણ્યા શખ્સ ભેદીમાં સંજોગોમાં ઉઠાવી ગયા હતા. આ અંગે સગીરાના પિતાએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બાપુનગરમાં પન્ના એસ્ટેટ નજીક આવેલી મણિલાલ મથુરદાસની ચાલીમાં રહેતી એક સગીરાનું એક શખ્સ લગ્નની લાલચ આપી અપહરણ કરી ફરાર થઈ ગયો હતો.

આ અંગે સગીરાના પિતાએ બાપુનગર પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી. બાપુનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે તપાસમાં શખ્સનું નામ સલમાન મિર્ઝા અને મૂળ ઉત્તર પ્રદેશનો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નિવિદા

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગમાં કોપિયર ઝેરોક્ષ મશીન નકલદીઠ ચાર્જથી ભાડા કરારથી ચલાવવા રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી તા. ૭/૧૨/૨૦૧૫ સુધીમાં સીલબંધ કવરમાં, કવર પર **'ઝેરોક્ષ મશીનના ભાડા કરારના ભાવપત્રક'** ઉલ્લેખ કરીને નીચે સહી કરનારને નામજોગ મળી રહે તે મુજબ ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ઝેરોક્ષ મશીનની વિગતો અને કામગીરીના પ્રમાણની વિગતો વિજ્ઞાન પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં.૭, પાંચમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં મેળવી શકાશે.

સહી/-
ઉપસચિવ (મહેકમ)
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં. ૭,
પાંચમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

માહિતી/૧૮૮૧/૧૫-૧૬

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

ગુજરાત ખાદી	૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં	૨૫ % વળતર
પરપ્રાંત ખાદી	૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં	૧૫ % વળતર
રેશમ ખાદી	૧૫ % વળતર

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ

ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧

સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦